## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**માસ્ક પછી બદલાવી નહી આપુ... બાબાની સ્કૂલમાં પુછીને આવો કે એ લોકો કયા કલરનાં માસ્કને ફરજીયાત કર્યો છે...**

# શહેરમાં વિલંબિત વિકાસ કાર્યોથી ‘કરે કોઈ અને ભરે કોઈ’ જેવી સ્થિતિ

## ઓસિયા મોલ આગળ ખુલ્લી ગટરમાં વધુ એક કારનું ટાયર ફસાયું : તંત્રની બેદરકારીમાં કારચાલકને કારને નુકસાન સાથે આર્થિક બોજ સહન કરવાનો વારો આવ્યો

ગાંધીનગરમાં છેલ્લા બેએક વર્ષથી ઘણા વિકાસ કાર્યો ચાલી રહ્યા છે જેમાં કેટલાંક કાર્યો ઘણા લાંબા સમયથી અને વિલંબથી થઈ રહ્યા છે જેના કારણે નાગરિકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના સેક્ટર-૨૬ પાસેના રેલવે ફાટક નજીક નવા વિકસેલા શોપિંગ મોલ આગળ મુખ્ય માર્ગને પહોળો કરવાની પ્રક્રિયા ઘણા લાંબા સમયથી ચાલી રહી છે. આ સાથે શોપિંગ મોલ આગળ જ નવેસરથી વરસાદી પાણીના નિકાલની તેમજ ગટરલાઈન નાખવામાં આવી છે જેમાં કેટલાંક ગટર ચેમ્બરોના ઢાંકણ નાખવામાં આવ્યા ના હોવાને કારણે વાહન ચાલકો વારંવાર તેમા ફસાઈ જવાનો ભોગ બની રહ્યા છે. આજે



સવારે શોપિંગ મોલની મુલાકાતે આવેલા એક કાર ચાલક જ્યારે રોડસાઈડ પોતાની કાર પાર્ક કરવા જતા તેનું ટાયર ખુલ્લી ગટરમાં ફસાઈ ગયું હતું જેના કારણે તેની કારને ઘણું નુકસાન થવા પામ્યું હતું. આ ખુલ્લી ગટરમાંથી કારને બહાર કાઢવા માટે તેણે ક્રેઈન સર્વીસ બોલાવવી પડી હતી જેના કારણે આ વાહનચાલકને તંત્રની બેદરકારીના લીધે પોતાનું મહત્વનું કામ અટકી પડવા અને સમયનો વ્યય, કારને નુકસાની જેવી પરેશાની ભોગવવા સાથે આર્થિક બોજ પણ સહન કરવાનો વારો આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ જગ્યાએ લાંબા સમયથી કાર્ય ચાલી રહ્યું હોવા સાથે ખુલ્લી ગટરમાં કાર ફસાવવાના સપ્તાહમાં ત્રણથી ચાર કિસ્સા સર્જાઈ રહ્યાં છે તેઓ આ ફસાયેલી કારને બહાર કાઢવા માટે આવેલા કંઈક ચાલકે નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું. શહેરમાં અનેક સ્થળે વિલંબિત વિકાસ કાર્યોથી ×કરે કોઈ અને ભરે કોઈ× જેવી સ્થિતિ સર્જાવા પામી છે.

# હાઈકોર્ટના વકીલ સાથે ૪.૧૦ લાખની છેતરપિંડી

## બે કપલના માલદિવ્સના ૪.૧૦ લાખ ચુકવ્યા હતા

ગાંધીનગર, તા. ૨૪

શહેરના ધોળેશ્વર માર્ગ પર બાલ મુકુંદ હાઈટ્સ ખાતે રહેતા હાઈકોર્ટના વકીલ સાથે માલદિવ્સની ટુર પર મોકલવાની બાંહેધરી આપી હતી. હોટલ બુકીંગ અને એર ટીકીટો બુક કરાવેલી બતાવી તે જ ટીકીટો કેન્સલ કરી તેના રૂપિયા એકાઉન્ટમાં જમા લઈ સુરતની મહિલા એજન્ટે પતિ સાથે મળીને રૂ. ૪.૧૦ લાખની છેતરપિંડી આચરતા વકીલે ઈન્ફોસીટી પોલીસમથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ ગાંધીનગરના દહેગામના અને હાલ ધોળેશ્વર રોડ પર આવેલ બાલમુકુંદ હાઈટ્સ ફ્લેટ નં. ૫૦૧, ૫૦૩ ખાતે યશ ગીતેશ પટેલ પરિવાર સાથે રહે છે અને ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત કરે છે. તેમના મિત્ર મયંક સાંઘાણી તેમની પત્નિ સાથે કપલ ટુર પર માલદિવ્સ ફરવા જવાનું નક્કી કર્યુ હતુ. ત્યારે વકીલાત કરતા સુરજ શુકલા સાથે યશને અવારનવાર વકીલાતના કામ અર્થે મુંબઈ, દિલ્હી જતા હતા. જેથી સુરજ શુકલા સુરત સત્યમ એપાર્ટમેન ખાતે આવેલી શાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સમાં ફ્લાઈટની ટીકીટ બુક કરાવતા હતા. આ ટ્રાવેલ્સ લીના શાહ ચલાવે છે. યશ તેમના પત્નિ ધ્રુવી તેમજ મિત્ર મયંક અને તેમના પત્નિ સાથે માલદિવ્સ ફરવા જવાનુ નક્કી થયુ હતુ. જેથી યશ પટેલે ગત તા. ૧૨-૯-૨૧ના રોજ શાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ લીલા શાહ અને તેમના પતિ અમિત મહેતાએ કપલ દીઠ રૂ. ૨.૫ લાખનું પેકેજ આયુ હતુ. કપલના રૂ. ૪.૧૦ લાખ નક્કી થયા હતા. આ પેકેજમાં પાંચ રાત્રી છ દિવસનો પ્રવાસ, રહેવા-જમવા સહિત હવાઈ મુસાફરી પણ સામેલ હતી. જેથી યશ પટેલે તા. ૧૪ થી ૧૭ નવેમ્બર દરમિયાન પેમેન્ટ આપી દીધુ હતુ. તેની અવેજીમાં લીના અને તેના પતિએ હોટલ બુકીંગના વાઉચર મોકલી આપ્યા હતા. જેમાં લખેલા કન્ફરમેશન નંબર વિશે પુછતા લીલાએ પહેલા ટેમ્પરરી કન્ફરમેશન હતુ. હવે કન્ફર્મ બુકીંગની વાત જણાવી હતી. ત્યારબાદ શંકા જતા યશભાઈએ ફોન કરી પુછપરછ કરતા કોઈ બુકીંગ તેમના નામનું નહી હોવાનું જાણવા મળ્યુ હતુ. એર ટીકીટ અંગે તપાસ કરતાં તે ટીકીટો પણ કોર્પોરેટ ક્વોટામાં બુક થયા પછી કેન્સલ થઈ ગઈ હતી અને ટીકીટનું રીફંડ પણ એજન્ટને મળી ગયુ હોવાનું જાણવા મળ્યુ હતુ. ત્યારબાદ યશ પટેલે પુછપરછ કરતા લીલા અને તેના પતિ અમિતે આગળ એજન્ટ સાથે માથાકુટ હોવાથી તેણે બુકીંગ કેન્સલ કર્યુ હોવાનો ખુલાસો કર્યો હતો. ત્યારબાદ ફરીવાર માલદિવ્સનું બુકીંગ થી જશે તેવી બાંહેધરી આપી હતી. ત્યારબાદ યશ પટેલે રૂપિયા પાછા માંગતા આજદિન સુધી રૂપિયા પરત આપ્યા નથી. આખરે યશ પટેલે ઈન્ફોસીટી પોલીસમથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ગુણકારી આમળા બજારમાં ઠલવાયા

## વિટામીન સી થી ભરપૂર આમળા રોગ પ્રતિકારક શક્તિમાં જબરજસ્ત વધારો કરે છે

શિયાળામાં ગુણકારી આમળાનું સેવન આખુ વર્ષ નિરોગી રાખવામાં મદદરૂપ બને છે. આમળા અને તેના રસનું સેવન રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. શિયાળો શરૂ થયો છે ત્યારે આમળા બજારોમાં ઠલવાઈ ચૂક્યા છે.

ઔષધિય ફળ આમળા અનેક રીતે ગુણકારી છે. આમળા શરીરના લગભગ તમામ રોગો સામે લડવા સક્ષમ છે તેમાં વિટામીન સી ભરપૂર માત્રામાં હોય છે. વિટામીન સી ઉપરાંત કેલ્શિયમ, ફોસ્ફરસ, આર્યન, કેરોટીન અને વિટામીન બી જેવા તત્વોથી તે ભરપૂર હોય છે.

ત્વચા અને વાળ માટે આમળા ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. કોરોના કાળમાં રોગ પ્રતિકારક શક્તિ વધારવાની જરૂરીયાત પર ખૂબ ભાર મુકવામાં આવે છે. આમળામાં રહેલ રસાયણ ગુણ એન્ટી એજીંગ કહેવામાં આવે છે. આમળાનું



નિયમિત સેવન કરવાથી રોગ પ્રતિકારક શક્તિમાં ખૂબ વધારો થાય છે. જેથી ઈન્ફેક્શનનો ડર ઓછો થઈ જાય છે. બધા જ ફળો કરતા તેમાં સૌથી વધુ વિટામીન સી હોય છે. આ ઉપરાંત તે અનેક રીતે ગુણકારી છે.

આમળાનું સેવન અનેક રીતે કરવામાં આવે છે. તાજા આમળાના રસથી લઈને તેના ચૂર્ણનું સેવન ખૂબ લાભદાયી નીવડે છે. હાલમાં શિયાળો શરૂ થયો છે.

# ભારત માતાના મંદિર ખાતે અભાવિપનું છાત્રા સંમેલન ‘સ્વયંસિદ્ધા ૨૦૨૧’ યોજાયું

ગાંધીનગર, તા. ૨૪

આજના યુગમાં મહિલાઓ વિવિધક્ષેત્રે ખૂબ ઝડપથી આગળ આવી રહી છે ત્યારે મહિલાઓને



તેમના હક્કો અને અધિકારો અંગે કાયદાકીય માહિતી હોવી જરૂરી બનતું જાય છે. ગાંધીનગરમાં સેક્ટર-૭એ ખાતે ભારત માતાના મંદિર હોલમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા છાત્રા સંમેલન ×સ્વયંસિદ્ધા ૨૦૨૧× કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જેમાં મહિલાઓ માટેના કાયદાઓ અંગેનું કાનુની માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમમાં ટ્રાફીકના નિયમો જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મહિલા પોલીસ સબ ઈન્સપેક્ટર એસ.એમ. ચૌધરી, અભાવિપના જિલ્લા સંયોજક વિવેક ચૌધરી તેમજ આઈઆઈટીઈના પ્રતિભાશાળી વિદ્યાર્થીની ખેવના જોશી વગેરે વક્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં કાર્યક્રમમાં અભાવિપમાં રાષ્ટ્રીય સ્તરે વિવિધ ક્ષેત્રોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનારી છાત્રાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## ભાટ અર્જુન કાફે પાસેથી એક્ટીવાની ચોરી

અમદાવાદ કોતરપુર નંદીગ્રામ સોસાયટી ખાતે રહેતા સ્ટીવન સ્ટેનીશલોસ ક્રાસ્ટા પોતાના પરિવાર સાથે રહે છે અને એસ.જી. હાઈવે પર આવેલી ડી-સોશે ટેકનોલોજી કંપનીમાં ફરજ બજાવે છે. સ્ટીવન પોતાના ઉપયોગ માટે જીજે-૦૧-એસકે-૨૮૨૯ નંબરનુ એક્ટીવા હતુ. સ્ટીવન નોકરી આવન-જાવન માટે એક્ટીવાનો ઉપયોગ કરતો હતો. જ્યારે એક્ટીવા તે ભાટ ટોલટેક્ષ પાસે આવેલા અર્જુન કાફે પાસે મુકીને કંપનીની બસમાં જતો હતો. સવારે નોકરીથી પરત ફરીને સ્ટીવને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર એક્ટીવા ન હતુ. આસપાસના વિસ્તારમાં એક્ટીવાની શોધખોળ આદરી હતી.

# શનિવારે મેયર-ડે.મેયરની ઉપસ્થિતિમાં સે-૫ વસાહત મંડળનો સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સેક્ટર-૫ વસાહત મહામંડળ દ્વારા નૂતન વર્ષ નિમિત્તે સેક્ટર-૫ યોગ પરિવાર તેમજ ખોડિયાર મંદિર ટ્રસ્ટ પરિવારના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૨૭મી નવેમ્બરના રોજ શનિવારે સાંજે ૩.૩૦ કલાકે સ્નેહ મિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્નેહ મિલન સમારંભ સેક્ટર-૫માં ખોડિયાર મંદિરના પટાંગણમાં યોજાશે જેમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા સહિત ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, વોર્ડ નં.૮ના સ્થાનિક કોર્પોરેટરો રાજેશભાઈ પટેલ, છાયાબેન ત્રિવેદી, ગાંધીનગર મહાનગરપાલિકા તથા સેક્ટર-૫ના વસાહતી વેપારી અગ્રણી અલ્પેશભાઈ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહેશે. આ સ્નેહ મિલન સમારંભમાં હાજર રહી સેક્ટરના વસાહતી અગ્રણીઓ દ્વારા નવા વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવશે.

સ્નેહ મિલન સમારંભમાં ઉપસ્થિત રહેવા સેક્ટર-૫ના યોગ પરિવાર સભ્યો તથા ખોડિયાર મંદિર પરિવાર અગ્રણીઓ સહિત તમામ વિભાગના વસાહતી અગ્રણીઓને ઉપસ્થિત રહેવા સે.૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલા દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં તલાટીઓ ફરજના સ્થળે હાજર ન રહેતા હોવાની ફરિયાદો પછી આજે રૂપાલના બે તલાટીને તાલુકા વિકાસ અધિકારીએ નોટીસ ફટકારી છે.
- રાજ્યના મુખ્ય સચિવ પંકજકુમારે આજે વિડીયો કોન્ફરન્સ જિલ્લાતંત્રના અધિકારીઓ સાથે કરી હતી. તેમણે હવે પી.એચ.સી. લેવલ પર નિરામય કેમ્પોના આયોજન કરવા જણાવ્યુ હતુ.
- રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે વાયબ્રન્ટ સમીટને લઈ દિલ્હીમાં રોડ શૉ કરશે.
- પંચાયતોની ચૂંટણીને લઈ અમલી બનેલ આદર્શ આચારસંહિતાને ધ્યાને રાખી પંચાયત હસ્તકની પંચાયત સેવા, ખેતી, સહકાર તથા તાલુકા પંચાયત કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા મોકૂફ રાખવા પંચાયત કર્મચારી મહાસંઘે રજુઆત કરી હતી.
- નાયબ મ્યુનિ. કમિશનર સુશ્રી પૂજા બાવડા નાદુરસ્ત થયા છે.
- રાજ્યના પંચાયત વિભાગ દ્વારા ૫૦૦થી વધુ ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં જાહેર સ્થાનોના પાર્કિંગની સમસ્યાને હવે પલીસે ગંભીરતાથી લીધી છે. આજે સે. ૧૧ ખાતે પાર્કિંગ વ્યવસ્થા માટે ઝુંબેશ હાથ ધરી હતી.
- હવે હેલ્મેટ વગર દ્વિચકી વાહન-ચાલક દ્વારા ચલાવવામાં આવશે તો ઈ-મેમો મળશે. હેલ્મેટના કાયદાનો અમલ શરૂ કરાયો છે.
- કોલ ઈન્ડિયાના ડિરેક્ટર તરીકે જિલ્લાના અગ્રણી અને પૂર્વ સંસદીય સચિવ પૂનમભાઈ મકવાણાની નિયુક્તી થઈ છે.
- સાદરા ગ્રામ વિદ્યાપીઠ ખાતે વ્યાયામ શાળાના મહત્વને સમજાવતું વ્યાખ્યાન આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત યોજાયુ હતુ.

# ચિલોડા મોટા ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

## ચિલોડા સિનિયર સિટીઝન ક્લબ દ્વારા ૫૬ દેવતુલ્ય અને લક્ષ્મીનારાયણ વડીલોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત પ્રજાપતિ બ્રહ્માકુમારી



ઈશ્વરીય વિદ્યાલય ખાતે ચિલોડા સિનિયર સિટીઝન ક્લબ આયોજિત સ્નેહમિલન સન્માન સમારોહ ગામના સરપંચ શ્રીમતી વસુમતીબેન ડી. પટેલના અધ્યક્ષસ્થાને દબદબાપૂર્વક યોજાયો હતો. આ સમારોહમાં મહાનુભાવોનું ચંદન-તિલક અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત જીવન અંજલિ થાજો પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે રમણભાઈ એમ. પટેલ સિનિયર સિટીઝન ક્લબ ગાંધીનગર તેમજ મુખ્ય વક્તા રાજયોગીની બી.કે. નેહાદીદી, રાજયોગીની બી.કે. કૈલાસદીદી, ગાંધીનગર, ડૉ. અનિલભાઈ પટેલ, નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, સેક્ટર-૨૩, સીક્યુરીટી વીંગ રેલીના મુખ્ય સંચાલિકા કુ. અસ્મીતાબેન વગેરે મહાનુભાવોનું શાલ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યુ હતુ. આ મહેમાનોએ



વડીલોને નિવૃત્તિ જીવન સંધ્યાની આરે સંબંધોની સુવાસ માણીએ તથા નિવૃત્ત જીવનને આનંદમય બનાવીએ વિશે પ્રેરણાદાયી વક્તવ્ય આપી વડીલોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે ભોજનદાતા વિષ્ણુભાઈ પટેલ તથા શાલના દાતા અશોકભાઈ પટેલ તેમજ સુધાબેન પટેલ સહયોગી બન્યા હતા. આ કાર્યક્રમમાં રાજયોગી કુમારી દયાનીએ મહાનુભાવો તથા વડીલોનું વેલકમ ડાન્સ દ્વારા આવકાર આપ્યો હતો. આ પ્રસંગે ગામના યુવા અગ્રણી અને ચિલોડા સેવા સહકારી મંડળીના ચેરમેન જયમીનભાઈ જે. પટેલ દ્વારા મુખ્ય મહેમાનોને સ્મૃતિભેટ આપી સન્માન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં ગામના વરિષ્ઠ નાગરિકોમાં ૭૫ વર્ષ પૂર્ણ કરનાર અને ૫૦ વર્ષ વિવાહિત દાંપત્ય જીવન પૂર્ણ કરનાર ૫૬ વડીલોનું શાલ ઓઢાડી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

# શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જે સમાજના વિશ્રાંતિભવન, ઉત્કંઠેશ્વર મહાદેવના સાનિધ્યમાં આવેલ સમાજના વિશ્રાંતિ મહાદેવના સાનિધ્યમાં આવેલ સમાજના વિશ્રાંતિ ભવન ખાતે ધામધૂમથી ઉજવાયો હતો. જેમાં તેજસ્વી તારલાઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. તથા સમાજના નવ નિયુક્ત પ્રમુખ અમૃતભાઈ એમ. પ્રજાપતિએ સમાજના પધારેલા જ્ઞાતિબંધુઓને આવકારી શુભેચ્છા પાઠવી હતી. પૂર્વ પ્રમુખ નારણભાઈ, ગાંડાભાઈ દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું હતું. સમૂહલગ્નના કન્વીનર અરવિંદભાી પ્રજાપતિએ ફેબ્રુઆરીમાં યોજાનારા સમૂહલગ્ન અંગે માહિતી આપી હતી. સંસ્થાના મંત્રી રમેશભાઈએ સંસ્થાની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. સર્વે કારોબારી સભ્યો, સ્વામી વિવેકાનંદ યુવા મંચના કાર્યકરો તથા મહિલા પાંખની બહેનોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ અને કનુભાઈએ સફળતાપૂર્વક કર્યુ હતુ.




## સાદરા સંકુલ ખાતે નારાયણ દેસાઈ જીવન કવન વિષય પર વ્યાખ્યાન યોજાયું

સાદરા સંકુલ ખાતે નારાયણ દેસાઈ જીવન કવન વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આયોજીત આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત નારાયણ દેસાઈના જીવનકવન વિષય પર ઈતિહાસના અધ્યાપક ડૉ. વિક્રમસિંહ અમરાવતે વ્યાખ્યાન આપ્યું હતું. તેમને નારાયણ દેસાઈનો પરિચય, બાળપણ, શિક્ષણ, તેમની સાહિત્ય કૃતિઓ, એવોર્ડ, ગાંધી કથા, વિવિધ તાલીમની પ્રવૃત્તિઓ અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકેનું કાર્ય વગેરે વિષયોને આવરી લઈ ચર્ચા કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફીસર ડૉ. મોતીભાઈ દેવુએ કર્યુ હતુ.

# ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત ત્રિ-દિવસીય પુસ્તકમેળો અને સાહિત્યોત્સવ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સાહિત્ય અકાદમી, પરિચય ટ્રસ્ટ, ઈમેજ બુક કલ્ચર ટ્રસ્ટ અને હરીન્દ્ર દવે મેમોરિયલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા.૨૬, ૨૭, ૨૮ નવેમ્બર ૨૦૨૧ના રોજ ત્રિદિવસીય પુસ્તકમેળો અને સાહિત્યોત્સવનું આયોજન નવજીવન ટ્રસ્ટ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે થયું છે. ત્રણેય દિવસ પુસ્તકમેળાનો સમય સવારે ૧૧.૦૦ થી રાત્રે ૮.૩૦ સુધીનો રહેશે. સાંસ્કૃતિક કાર્યક્રમનો સમય રોજ રાત્રે ૬.૦૦ થી ૮.૦૦ નો રહેશે.

ત્રણેય દિવસ દરમ્યાન ચુનીલાલ મડિયા, રમેશ પારેખ અને હરીન્દ્ર દવેને આદરાંજલિ અપાશે. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રક્ષા શુક્લ લિખિત ‘ભારતની ૭૫ શ્રેષ્ઠ મહિલાઓહ્ન પુસ્તકનું વિમોચન થશે. પુસ્તકમેળાનું ઉદઘાટન પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા કરશે. નવીન દવે, અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, સુપ્રસિદ્ધ સિતારવાદક મંજુ મહેતા અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

હરદ્વાર ગોસ્વામી, હિતેન આનંદપરા, અનિલ ચાવડા, કિશોર જિકાદરા, સુનિલ શાહ, સુરેશ ઝવેરી, હર્ષવી પટેલ, અમિતાભ મડિયા, ધ્વનિલ પારેખ, ડૉ. તરૂણ બેન્કર ઈત્યાદિ સાહિત્યકારો વક્તવ્ય આપશે. ડૉ. ફાલ્ગુની શશાંક, જન્મેજય વૈદ્ય, સ્નેહલ મુઝુમદાર ઈત્યાદિ ગાયકો તરન્નુમની પ્રસ્તુતિ કરશે. પ્રશાંત બારોટ, કમલ જોશી, નૈષધ પુરાણી, સેજલ પોંદા ઈત્યાદિ કલાકારો વાચિકમ્ પ્રસ્તુત કરશે. આ પુસ્તકમેળામાં પધારવા કલારસિકોને જાહેર નિમંત્રણ છે.



## જાહેર નિવિદા

આથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં.૧, સહયોગ સંકુલ, વિંગ-એ, છઠ્ઠો માળ, પથિકાશ્રમની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧ દ્વારા Supply and installation of FIRE EXTINGUSHER SYSTEM at sant sarovar (I) Recharge scheme, Gandhinagarની કામગીરી માટેની અંદાજીત રકમ ૨૪૨૨૦/- ઉપરોક્ત કામના ટેન્ડર કંપનીનાં માન્યતા પ્રાપ્ત / કામના જાણકાર તેમજ અનુભવી ઈજારદાર પાસેથી સીલબંધ ભાવપત્રકો રજીસ્ટર પોસ્ટ / સ્પીડ પોસ્ટથી તા. ૧૩/૧૨/૨૦૨૧ સુધીમાં કચેરી સમય દરમિયાન મળી રહે તે રીતે મંગાવવામાં આવે છે અને જો શક્ય હશે તો તે જ દિવસ સીલબંધ કવરમાં આવેલ ભાવપત્રકો હાજર રહેનાર એજન્સી / ઈજારદારશ્રીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે. ભાવપત્રકો મંજુર / નામંજુર કરવાની તમામ સત્તા નીચે સહી કરનાર સત્તાધિકારીને અબાધિત હક રહેશે.

| અ.નં. | વિગત | તારીખ/સમય |
|---|---|---|
| ૧ | કોરા ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ | તા. ૨૯/૧૧/૨૦૨૧ થી ૪/૧૨/૨૦૨૧ સુધી (ઓફીસ સમય દરમિયાન) |
| ૨ | ભરેલ ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ | તા. ૧૩/૧૨/૨૦૨૧ના ૧૬.૦૦ કલાક સુધી |
| ૩ | આવેલ ટેન્ડર ખોલવાની તારીખ | તા. ૧૩/૧૨/૨૦૨૧ના ૧૭.૦૦ કલાકે |
| ૪ | ઈએમડી | ૧% જમા કરાવવી |
| ૫ | ટેન્ડર ફી | ૬૦૦ રૂપિયા |

માહિતી/૧૫૭૧/૨૧-૨૨